વડીલોને વંદન અભિનંદન



પ્રજાપતિ બહેચરભાઇ પી.
(૧૯૪૭) મો. ૯૮૨૪૧૭૫૨૧૧

અમદાવાદમાં શિવરાત્રીની પરંપરાગત ઉજવણી કરાઈ

અમદાવાદ, તા.૧૭

મહાશિવરાત્રી પર્વની આજે દેશભરમાં પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. સવાર પડતાની સાથે જ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ભગવાન શિવના મંદિરોમાં ઉમટી પડ્યા હતા. શિવાલયો ઓમ નમઃશિવાયથી ગુંજી ઉઠ્યા હતા. અમદાવાદ શહેરના મોટા શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. જેમાં માધુપુરા ખાતેના કર્ણમુક્તેશ્વર, દૂધેશ્વર ખાતેના દુધેશ્વર મહાદેવ, અસારવા ખાતેના ચકુડીયા મહાદેવ અને નારણપુરા વિસ્તારમાં આવેલ કામનાથ મહાદેવ, અંકુર નજીક આવેલા કામેશ્વર મહાદેવ મંદિરમાં શ્રદ્ધાળુઓની ભીડ સમગ્ર દિવસ દરમિયાન જોવા મળી હતી.

બીજીબાજુ બજારમાં કેટલાક લોકોએ ભાંગ વેચી હતી. ભાંગ માટેની લારીઓ લાગી હતી. જેના પર શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી. શાહપુર, અંકુર ચાર રસ્તા, અસારવા, અખબારનગર ખાતે ભારે ભીડ જામી હતી.

નગરમાં સ્વાઈન ફ્લુની શંકાએ સામાન્ય શરદી-ખાંસીના દર્દીઓ પણ તબીબોના શરણે

ઠંડી-ગરમીના બેવડા વાતાવરણમાં વાઈરલ ફીવરનો સકંજો, પેથોલોજી લેબોરેટરીઓ પણ ભરચક

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યમાં સ્વાઈન ફ્લુના નામના રોગે રીતસર આતંક મચાવી દીધો છે. તંત્ર દ્વારા આ રોગને નાથવા તમામ પ્રકારના અસરકારક પગલાં લેવાઈ રહ્યા છે. છતાં પણ લોકોમાં આ રોગ થકી ભય પ્રસરી જવા પામ્યો છે. જેથી હાલમાં સામાન્ય શરદી-ખાંસીના દર્દીઓ પણ તબીબોના ત્યાં દોડી રહ્યા છે. જો કે દરેક કિસ્સામાં સ્વાઈન ફ્લુના લક્ષણ ન જોવા મળતાં હાલના પલટાયેલા વાતાવરણ થકી વાઈરલ ફીવર હોવાનું તારણ નીકળ્યુ છે. છતાં પણ તબીબો કોઈ પણ જાતના જોખમ લીધા વગર લેબોરેટરી ટેસ્ટને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેથી લેબોરેટરીઓ પણ દર્દીઓથી ભરચક બની છે.

રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુને કાબુમાં લેવા માટે તનતોડ પ્રયાસ આદરી દીધા છે. પરંતુ આ રોગમાં લોકજાગૃતિ પણ એટલી જ જરૂરી હોવાનું પણ તથ્ય બહાર આવ્યું છે. વધુમાં આ રોગને નાથવા આર્યુવેદીક તથા હોમીયોપેથીક ઉપચારો પણ શરૂ કરાયા છે. જેમાં ઘરગથ્થુ દેશી ઉપચાર પણ સાથે કરવાની સલાહ અપાય છે. આ તમામ બાબતોની મોટી મોટી જાહેરાતો સાથે દૈનિક સ્વાઈન ફ્લુના દર્દીઓમાં વધઘટના સમાચારે સામાન્ય શરદી-ખાંસીના દર્દીઓ પણ સહેજ પણ વિલંબ કર્યા વગર હાલમાં તબીબોની સલાહ અને સારવાર મેળવવા પહોંચી રહ્યા છે. જો કે તબીબો પણ કેટલાક ટેસ્ટ કરાવવાનો આગ્રહ રાખી શંકાને કોઈપણ જાતનું સ્થાન આપ્યા વગર ચોક્કસ નિદાનને મહત્વ આપી રહ્યા છે. જેથી નગરની તમામ પેથોલોજી લેબોરેટરીઓ દર્દીઓથી ભરચક બની ગઈ છે.

શિયાળાનો અંતિમ તબક્કો અને ઉનાળાનો પ્રારંભ બેવડી ઋતુનો અનુભવ કરાવી રહ્યો છે. જેથી રોગ પ્રતિકારક શક્તિમાં થઈ રહેલા ઘટાડાએ શરદી-ખાંસી અને તાવ જેવાં વાઈરલ ફીવર અસ્તિત્વમાં આવ્યો છે. વધુમાં લગ્નસરાની ભરપૂર સિઝન પણ તેટલી જ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. હાલમાં શરદી-ખાંસી અને તાવના દર્દીઓની સંખ્યા વધુ હોવાનું લાગી રહ્યું છે. છતાં નગરજનોએ સમયસરની સારવાર અને શરીર પ્રત્યેની કાળજી ઉપર પુરતુ ધ્યાન આપે તે જરૂરી હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજમાં બાવનગોળ કડવા પાટીદાર સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ સ્થિત બાવનગોળ કડવા પાટીદાર સમાજનો બાવીસમો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૩૩ નવ દંપતિએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં બાવનગોળ પાટીદાર સમાજની લગ્નવાડી ખાતે રવિવારે સમાજના યુવાનોનો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો. લગ્નોત્સવમાં સમાજના ૩૩ નવદંપતિએ અગ્નિ અને ઈશ્વરની સાક્ષીએ બ્રાહ્ણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી લગ્નગ્રંથીથી જોડાયા હતા. આ સમૂહ લગ્નોત્સવ કાર્યક્રમમાં દિકરી વધાવો તેમજ માતા-પિતા અને દાતાઓનું સન્માન વગેરે કાર્યક્રમ પણ યોજાયા હતા. અંતે સમાજના પ્રમુખ બાબુભાઈ પટેલ, ચંપકભાઈ પટેલ, રસિકભાઈ પટેલ, વાસુભાઈ પટેલ વગેરેએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પ્રાંતિજમાં માર્કંડેશ્વર મહાદેવની પાલખી નીકળી

મહાશિવરાત્રિના પાવન પર્વે પ્રાંતિજના શિવાલયોમાં સવારથી જ શિવભક્તોની ભારે ભીડ જોવા મળી હતી અને બાદમાં શહેરના માર્કંડેશ્વર મહાદેવ ખાતેથી પરંપરાગત મહાદેવની પાલખી વરઘોડા સ્વરૂપે નગરયાત્રાએ નીકળી હતી. મહાશિવરાત્રિના પાવન પર્વે પ્રાંતિજના તપોધન ફળીયાના શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ,રેલ-વે સ્ટેશન વિસ્તારના ઓમકારેશ્વર મહાદેવ, હરિહરેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં આજે વહેલી સવારથી જ ઓમ નમઃ શિવાય, હરહર મહાદેવ વગેરે શિવના ઉપનામોથી ભક્તો ભોળા શિવને રીઝવવા ઉમટી પડ્યા હતા અને શિવની પૂજા આરતી કરી ધન્યતા અનુભવી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મોડાસામાં મોબાઈલની દુકાનમાં ચોરોએ હાથફેરો કર્યો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં ચોરો બેફામ બની ગયા છે. મોડાસા શહેરમાં ચોરીના બનાવોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થવાથી મોડાસા શહેરના દુકાનદારો અને પ્રજાજનો નિસહાય બની ગયા હોવાની લાગણી અનુભવવા સાથે અરવલ્લી જિલ્લા પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લા પોલીસ ચોરો અને ધાડપાડુ ગેંગને પકડવામાં નિષ્ફળ ગઈ હોવાથી મોડાસા શહેરમાં લુંટારૂગેંગ બેફામ બની ગઈ છે.

મોડાસા શહેરના બસસ્ટેન્ડની સામે અને લીયો પોલીસ ચોકીથી ૧૦૦ મીટરના અંતરે આવેલી એપલ મોબાઈલ શોપમાં રવિવારે ત્રાટક્યા હતા. એપલ મોબાઈલ નામની દુકાનમાં તસ્કરોએ દુકાનની છત પરથી પતરા ઉંચા કરી દુકાનમાં લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. દુકાન માલિક યુસુફભાઈના જણાવ્યા અનુસાર રવિવારે રાત્રે કોઈ અજાણ્યા શખ્સોએ દુકાનમાં પ્રવેશી દુકાનમાં રાખેલા ૬૦ થી ૭૦ મોબાઈલ અને મોબાઈલને લગતી એસેસરીજની લુંટ ચલાવી ૫૦ હજારથી વધારેની રકમનો મુદ્દામાલ ઉઠાવી ગયા છે. એપલ મોબાઈલની દુકાન ભરચક વિસ્તાર અને સતત લોકોની અવરજવર ધરાવતા વિસ્તારમાં અને નજીકમાં પોલીસ ચોકી આવેલી હોવા છતાં ચોરો હાથફેરો કરવામાં સફળ રહેતા આજુબાજુના દુકાનમાલિકો સ્તબ્ધ બની ગયા છે. સાથે દુકાનદારોમાં ભય છવાઈ ગયો છે. ત્યારે અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા સખત નાઈટ પેટ્રોલીંગ કરવા માંગ ઉઠી છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

વડાગામ નજીક પુંસરી ગામે નવજ્યોતિ લીંબોચ સમાજ યુવક મંડળ સમસ્ત મોડાસા જૂથ લીંબોચ પરિવારનો ૧૪મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૯ યુવક-યુવતીઓ લગ્નગ્રંથીથી જોડાઈ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. સમૂહલગ્નોત્વમાં દિપપ્રાગટ્ય મહેશભાઈ શર્મા, મહામંડલેશ્વર ૧૦૦૮ શરણદાસ મહારાજ, ધનેશ્વરીગીરી, બાબુભાઈ તેમજ પુંસરીના સરપંચ હિમાંશુ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં મોટા ઉપાડે વવાયેલા વૃક્ષો જાળવણીના અભાવે નામશેષ

ડીસા, તા. ૧૭

ડીસા શહેરમાં નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે તમામ વૃક્ષો બળી જતા વૃક્ષોના ઉછેર પાછળનો હેતુ સિદ્ધ થતો નથી અને ઉછેર માટે વપરાયેલા નાણાંનો પણ વ્યય થયો છે. આથી સ્થાનિક પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે.

ડીસા શહેરમાં નગરપાલિકાએ વિવિધ માર્ગો પર વૃક્ષોનું વાવેતર કર્યું હતું. વૃક્ષો વાવ્યા બાદ તેની સંભાળ નહીં લેવાતા કેટલીક જગ્યાએ એક પણ વૃક્ષ તૈયાર થયું નથી. નવા બસ સ્ટેન્ડથી આદર્શ હાઈસ્કૂલ સુધીના માર્ગ પર સાઈડોમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકાના સત્તાધીશોએ માત્ર ફોટા પડાવી વૃક્ષારોપણની પ્રસિદ્ધિ મેળવી લીધી હતી. પરંતુ તેના રક્ષણની કાળજી નહી લેવાતા વૃક્ષો બળી ગયા છે. અને અત્યારે માંડ લોખંડના પાંજરા જ ઉભા છે. તેમાં છોડ જોવા મળતા નથી. કેટલીક જગ્યાએ આ પાંજરા પણ ચોરાઈ ગયા છે. ત્યારે પર્યાવરણના રક્ષણની વાતો કરતા સત્તાધીશોની વાતો પોકળ પુરવાર થઈ રહી છે.

પ્રાંતિજના સોનાસણ પ્રાથમિક શાળામાં ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું

સ્વાઈન ફ્લુની જાણકારી આપી ૩૪૯ બાળકોને ઉકાળો પીવડાવવામાં આવ્યો

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામના સરકારી આયુર્વેદ દવાખાનાના મેડીકલ ઓફિસર ડૉ. કિરીટ એન. પટેલ દ્વારા સોનાસણ પ્રાથમિક શાળાના બાળકો તેમજ શિક્ષકોને સ્વાઈન ફ્લુ અંગેની જાણકારી આપવામાં આવી હતી. તેમજ સ્વાઈન ફ્લુ વિરોધી આયુર્વેદિક ઉકાળો શાળામાં બનાવી બાળકો અને શિક્ષકોને પીવડાવવામાં આવ્યો હતો. ડૉક્ટરના જણાવ્યા અનુસાર આ ઉકાળાની અંદર સુંઠ, મરી, ગંઠોડા, તુલસી, અરડુસી, ભારંગી જેવા આયુર્વેદિક જડીબુટ્ટીઓમાંથી બનાવવામાં આવે છે અને આ ઉકાળો પીવાથી નાના તથા મોટા લોકોને શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આ પ્રસંગે શાળામાં એસ.એમ.સી. સમિતિના સભ્યો તેમજ શાળાના આચાર્ય તથા સ્ટાફ દ્વારા પોતે અને ૩૪૯ બાળકોને ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. જ્યારે શાળાના બાળકોને પટેલ ચંદુભાઈ રેવાભાઈ દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં બાળકોને લાડુ, દાળ-ભાત, શાક-પુરી તિથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શબ્દાવલી - ૫૬૪૬



આડી ચાવી

૧. સહેલું, સ્વાભાવિક (૩)
૩. પતિ, સ્વામી (૨)
૫. રહસ્ય, રાજા (૨)
૬. જીંદગી (૩)
૮. હાટ, ખરીદીની જગ્યા (૩)
૯. બ્રાહ્મણ (૨)
૧૧. નકામુ (૩)
૧૩. માણસ (૩)
૧૪. ઝગડાની પતાવટ કરનાર વચેટ (૩)
૧૫. તણાવું કે તાણવું તે (૨)
૧૬. સંગીતના ધ્વનિ નીકળે તેવું સાધન (૨)
૧૯. જબદસ્તી, ગુંડાગીરી (૪)
૨૧. માલેતુજાર (૪)
૨૨. રીવાજ, રીત (૩)

ઊભી ચાવી

૧. વખાણ, પ્રશંસા (૪)
૨. મક્કાની યાત્રા (૨)
૩. રાજાનો પ્રધાન (૩)
૪. અવાજ (૨)
૭. નવું થવું તે (૪)
૮. વાહિયાત, લવારો (૪)
૧૦. હોંશિયાર (૩)
૧૨. નિર્ણય, ઉકેલ, સમસ્યા કા... (૨)
૧૬. વાયદો, કોલ (૨)
૧૭. બક્ષિસમાં મળેલી જમીન (૩)
૧૮. રંગ (૨)
૧૯. સખાવત, આપવું તે (૨)
૨૦. ચીઢ, ગુસ્સો (૨)

શબ્દાવલી ૫૬૪૫ના જવાબ

આડી ચાવી :- (૧) પાલક (૩) પરીહાસ (૬) સજાવટ (૭) કલર (૮) જપ (૯) તલ (૧૧) રાંક (૧૨) યતિ (૧૪) શાતા (૧૫) પરબ (૧૭) પુગવા (૧૮) જનાર્દન (૧૯) નાઇ

ઊભી ચાવી :- (૧) પાવક (૨) કસરત (૩) પવન (૪) રીટ (૫) સમાપ્ત (૮) જક (૧૦) લઘુતા (૧૨) પક્ષરાજ (૧૩) ટબ (૧૪) શાગિર્દ (૧૫) પગ (૧૬) રવાના

પાંચ કેસ નોંધાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્વાઈન ફ્લુમાં સરગાસણની મહિલા જે સારવાર હેઠળ હતી તેનું પણ અવસાન થયું છે. તેણીનીએ છાતીમાં દુઃખાવાની પણ ફરિયાદ કરી હતી.

રિદ્રોલથી ૬૦ વર્ષીય વૃદ્ધાનું સારવાર દરમ્યાન જ મોત થયું હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના અત્યાર સુધીમાં ૫૮ કેસ થયા છે. જે પૈકી ૨૨ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. જ્યારે ૨૭ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મહાશિવરાત્રીના પાવન પર્વે વડાગામ સ્થિત છત્રીયા મહાદેવ, બાલનાથ મહાદેવ અને કનાલ મહાદેવ મંદિરોમાં ભાવિક ભક્તોની વહેલી સવારથી જ ભારે ભીડ જોવા મળી હતી. (બાબુભાઈ પટેલ, વડાગામ)

વિચારોના મધુવનમાં... ● બીજા પાનાનું ચાલુ

છે. ઘણાની એવી માન્યતા છે કે ગોપીઓ એટલે વ્રજમાં રહેનાર આહીર જ્ઞાતિના ગોપ લોકોની સ્ત્રીઓ, અને તે સ્ત્રીઓએ શ્રીકૃષ્ણ ઉપર મોહિત થઈને રાસલીલા કરી હતી. આ માન્યતા તદ્દન ભૂલભરેલી છે. કેમકે બૃહદવામન પુરાણમાં કહ્યું છે કે - ન સ્ત્રિયો વ્રજસુન્દર્યઃ પુત્ર તાઃ શ્રુતયઃ કિલ? બ્રહ્માજી નારદજીને કહે છે કે, હે પુત્ર! વ્રજસુંદરીઓ સ્ત્રીઓ નથી, પણ તેઓ વેદની શ્રુતિઓ અર્થાત્ નિશ્ચય ઋચાઓ જ છે જેથી વેદો નારાયણઃ સાક્ષાત્ અર્થાત્ વેદરૂપ શ્રીકૃષ્ણનું ઋચાઓ એટલે શ્રુતિઓરૂપ ગોપીઓ સાથેનું ક્રીડન એટલે નૃત્ય તે જ રાસલીલા છે.

રંગમંડપમાં પધારતી વખતે મલ્લોને શ્રીકૃષ્ણ વ્રજરૂપે દેખાયા (રૌદ્રરસ), મનુષ્યોને ઉત્તમ મનુષ્યરૂપે (અદભૂતરસ), સ્ત્રીઓને મૂર્તિમાન કામદેવરૂપે (શૃંગારરસ), ગોપલોકોને સ્વજનરૂપ (હાસ્યરસ),દુષ્ટ રાજાઓને શિક્ષા કરનાર તરીકે (વીરરસ), પોતાના માતાપિતાને શિશુ એટલે બાળકરૂપે (કરૂણરસ) ભોજરાજા-કંસને મૃત્યુરૂપે (ભયાનકરસ), અવિદ્વાન લોકોને વિરાટરૂપે (બિભત્સરસ) યોગીઓને પરમતત્ત્વરૂપે (શાંતરસ) અને યાદવોને પરમદેવતારૂપે (ભક્તિરસ) દર્શન થયા હતા. આ શ્લોક ઉપરથી શ્રીકૃષ્ણ રસેશ છે તેનું સૂચન થતું નથી ? બીજુ જે સમયે શ્રીકૃષ્ણે રાસલીલા કરી તે સમયે તેમની ઉંમર લગભગ સાત વર્ષ ઉપરની અને અગીયાર વર્ષની અંદરની હતી. કેમકે કન્યાવસ્ત્રાપહારાદિલીણા ષઢવાપિકો હરિઃ કન્યાઓનાં વસ્ત્રાહરણલીલા છ વર્ષના શ્રીહરિએ કરી છે અને કા સમ્પ્રહાયનો બાલઃ ક્વ મહાદ્વિવિધારણમ્ ક્યાં આ સાત વર્ષનો બાળક અને ક્યાં મોટા પર્વતને ધારણ કરવું ? અર્થાત્ ગોવર્ધનધારણલીલા સાતમે વર્ષે કરી, તે પછી શ્રીકૃષ્ણે રાસલીલા કરી છે. અને બારમું વર્ષ બેસતાં જ મથુરામાં પધાર્યા છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે સાતથી અગિયાર વર્ષ સુધીના બાળકોને કદાપિ કામોત્પત્તિ થતી જ નથી. એ વાત લૌકિકમાં પણ સ્પષ્ટ હોવા છતાં શ્રીકૃષ્ણને કામી કહેવા એ મૂર્ખતા નહી તો બીજું શું?

આપણા સાહિત્યમાં શ્રી અર્ધનારીશ્વર સ્તોત્ર રચાયું છે. ચામ્પેયગૌરાર્ધશરીરકાયૈ કર્પૂરગૌરાર્ધશરીરકાય?

ધમ્મિલકાયૈ ચ જટાધરાય નમઃ શિવાયૈ ચ નમઃ શિવાય ॥ ૧ ॥

જેની અડધી કાય ચમ્પકના જેવી ગૌર છે, અડધુ શરીર કપૂરના જેવું સફેદ છે, અર્ધભાગમાં સુંદર સુંવાળા વાળ છે, જયારે બીજા અડધામાં જટા છે, આવા શિવા (પાર્વતી) ને તથા શિવને નમસ્કાર. કસ્તૂરિકાકુંમ્ ચર્ચિતાયૈ ચિતારજઃ પૂજ્યવિચર્ચિતાય?

કૃતસ્મરાયૈ વિકૃતસ્મરાય નમઃ શિવાયૈ ચ નમઃ શિવાય ॥ ૨ ॥

(અર્ધદેહ) કસ્તુરી અને કુંકુમથી ચર્ચિત છે, (અન્ય અર્ધભાગ) ચિતાની ભસ્મથી ખરડાયેલો છે. એક ભાગ સ્મર (કામદેવ) ને ઉત્પન્ન કરનાર છે. અન્ય ભાગ કામદેવનો નાશ કરનાર છે, આવા શિવાને તથા શિવને નમસ્કાર.

અંદાજપત્રને મંજુરી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અંદાજપત્ર સત્ર શરૂ થવાને આડે હવે માત્ર પાંચ જ દિવસ બાકી છે ત્યારે આગામી સત્રમાં રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કેટલાક સરકારી વિધેયકો લાવવામાં આવનાર હોઈ વિભાગો દ્વારા આવતીકાલે કેબીનેટ બેઠકમાં સરકારી વિધેયકો રજુ કરવામાં આવનાર છે. અને આ વિધેયકો પર ચર્ચા કરીને કેબીનેટ તેને મંજુરી આપશે ત્યાર બાદ વિધાનસભામાં આ વિધેયકો લાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અંદાજપત્ર સત્ર શરૂ થવા આડે માત્ર પાંચ જ દિવસ બાકી હોઈ અંદાજપત્ર સાહિત્યો તૈયાર કરવા માટે નાણા વિભાગની કચેરી રજાના દિવસે પણ ચાલુ રાખવામાં આવી છે અને કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

અમદાવાદમાં ૬૪ હજારને સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળો અપાયો

અમદાવાદ, તા.૧૭

છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી સ્વાઈન ફ્લુએ રાજયના ઘણા બધા શહેરમાં હાહાકાર મચાવી દીધો છે.

વધતાં જતા સ્વાઈન ફ્લુને નાથવામાં સરકાર તેમજ કોર્પોરેશન દ્વારા જુદા જુદા પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે સ્વાઈન ફ્લુથી લોકોને બચાવવા માટે મંગળવારે જિલ્લા આયુર્વેદ વિભાગ દ્વારા મ્યુનિ.કોર્પોરેશન અને જિલ્લા પંચાયતના સહયોગથી શહેરમાં અનેક સ્થળે સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. જેમાં પહેલા જ દિવસે શહેરમાં ૬૪ હજારથી વધુ લોકોએ આ ઉકાળો પીવાનો લાભ લીધો હતો. શહેરમાં હાલ સ્વાઈન ફ્લુના ભોગ બનનાર લોકોની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે અને અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામનારાની સંખ્યા પણ ૧૫૫ સુધી પહોંચી ગઈ છે. જેનાં કારણે શહેરીજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ત્યારે સ્વાઈન ફ્લુથી લોકોને બચાવવા માટે અને તેના સચોટ ઈલાજ મનાતા આયુર્વેદ વિભાગ દ્વારા ઉકાળો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

પ્રવેશની મોસમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ કરાઈ છે. આ શાળાઓ વાલીઓને આકર્ષિત કરવા જાતભાતની સ્કીમ મુકી રહી છે. અવનવા કાર્યક્રમોના આયોજનથી લઈને વાલીઓ માટે વિવિધ એક્ટીવિટીઝનું આયોજન પણ આ શાળાઓમાં કરવામાં આવ્યું છે. જોકે બ્રાન્ડેડ શાળાઓની નર્સરી - કેજીની ફી અદ્દધ સકહી શકાય તેવી છે. નર્સરી - કેજીનો અભ્યાસ મોંઘો બનતો જાય છે.